

જીવન સરગમ

બિન્દુબેન કચરા

# જાયેં તો જાયેં કહાઁ

વર્તમાન યુગ ક્રાંતિનો યુગ છે. આ યુગમાં માનવજીવનનાં બધાં ક્ષેત્રોમાં ક્રાંતિકારી પરિવર્તન થઇ રહ્યાં છે. તે સાથે જ દેશ, કાળ, પરિસ્થિતિ બધું જ બદલાઇ રહ્યું છે. જો સમાજ જમાના અનુસાર નહીં બદલાય તો જમાનાની તેજ ગતિ તેને પલટી નાંખશે.

રોજર સ્કૅટન નામના અંગ્રેજી લેખકે ‘ન્યૂઝ ફ્રોમ સમવ્હેર’ નામના પુસ્તકમાં લખ્યું છે કે ‘વિશ્વમાં ચારે તરફ કીર્તિ, સત્તા, સંપત્તિની લૂંટાલૂંટ ચાલે છે ને તેમ છતાં દેશની, સમાજની પ્રગતિ થઇ રહી છે. ‘Knowledge is power’ નો મંત્ર અપનાવી લીધો છે પણ 21મી સદીમાં ભૌતિક રીતે પ્રગતિ દેખાશે ને માનવ જીવનની મૂળભૂત સંસ્કૃતિ ને સંસ્કારનું અધઃપતન થતું રહેશે.

આજના દેખીતા વિશ્વની માનવવસ્તી અત્યંત ઝડપી આગેકૂચ કરી રહી છે ત્યારે મહત્ત્વનો અને વિચારણા માંગી લે તેવો મુદ્દો એ છે કે આજે માણસની છત છે ને માણસાઈની અછત છે. સમાજમાં પોતાની જાતને નિખાલસ કહેવડાવતાં દંભી લોકો જ સમાજને ઉધઈની જેમ કોરી ખાય છે ને માણસાઇ, ઈન્સાનિયત ખોઈને બેઠેલા આવા દંભી નેતાઓ કે મોટા ગજાના માણસો સૃષ્ટિના સર્જનહાર વિરુદ્ધનાં કામો કરતાં થઇ જાય છે. સમાજમાં આતંકવાદ ફેલાવે છે.


મદનકુમાર અંજારિયાની પંકિતઓ કેટલી યોગ્ય છે.

‘વાદ્યમાંથી વાદન બાદ થાય,
તો શેષ રહે શાંતિ.
સ્થિતમાંથી ઉપસ્થિતિ બાદ થાય,
તો શેષ રહે એકાંત
રકમમાંથી રકમ બાદ થાય
તો શેષ રહે શૂન્ય
પણ માણસમાંથી માણસાઇ બાદ થાય તો શેષ શું રહે!

માનવીની ભયંકર સ્વાર્થતા અને સ્વકેન્દ્રિયતા જયારે બેકાબૂ બની જાય છે ત્યારે માનવીનું જીવન પણ શૂન્ય બની રહે છે.

‘મેરા દેશ મહાન’, ‘મેરા સમાજ મહાન’ કે ‘મારી સંસ્થા મહાન’ના નારા લગાવીને કોઇ મહાન બની જતું નથી પરંતુ તેને મહાન બનાવવા માટે અંગત રીતે દરેક નાગરિક પોતાના કાર્યમાં નિષ્ઠા ને વહેવારમાં નિખાલસતા અપનાવીને જો કામ કરે તો તેનું પરિણામ સમય જતાં દેખાવાનું જ છે પણ આપણા દેશની મોટી કમનસીબી છે કે લોકોમાંથી કાર્ય પ્રત્યેની નિષ્ઠા ને પોતાની ફરજો પ્રત્યેની બેદરકારી વધતી ગઈ છે. ‘દિલ માંગે મોર’ એવી જ અસંતોષની જવાળામાં આજનો માનવી ખોવાઈ ગયો છે. ભ્રષ્ટાચાર, કોમી હુલ્લડો, લાંચ-રુશ્વત, દિનપ્રતિદિન કલાકે કલાકે વધતા જાય છે. બળાત્કારના કેસો દરરોજ છાપાંની હેડલાઈન બનીને આવે છે. આ બધું શું સૂચવે છે? પોલીસ પ્રજાના રક્ષણ માટે છે પરંતુ તેમના દ્વારા જ થતાં ઘોર અન્યાય ને પ્રજાની ઉપેક્ષા આ બધાં પણ આતંકવાદો જ છે. બોંબનો ધડાકો તો પળભરમાં માનવીનો જીવ લઈ લે પણ આવા પ્રકારના આતંકવાદો તો માનવીના જીવનને ‘Slow poision’ની જેમ મિનિટે મિનિટે ને સેકંડે સેકંડે મૃત્યુ તરફ લઈ જાય છે.

નાની નાની ઉંમરનાં, કાચી વયનાં બાળકો પણ કમ્પ્યુટર પર બેસીને ઈન્ટરનેટ, વેબસાઈટના માધ્યમ દ્વારા પોર્નોગ્રાફીનાં દૃશ્યો જોઈને જાતીય શોષણમાં ફસાવા લાગ્યાં છે. તેથી શિક્ષણમાં પણ સડો પેસી રહ્યો છે. તબીબી સેવામાં પણ સડો. કીડની કૌભાંડ, નકલી દવાઓનાં ઉત્પાદનો, ખોરાકમાં ભેળસેળ આ બધાં વિશેના સમાચારો જાણીને ચિત્તતંત્ર હાલી ઊઠે છે. પ્રજાની સંભાળ રાખનાર કોઈ જવાબદાર નેતા જ નથી? તો પછી થાય છે... ‘જાયેં તો જાયેં કહાં?’ સૌના હૃદયનો ચિત્કાર છે.



એક વખત સોક્રેટીસ જયારે બપોરના સમયે ફાનસ લઈને એથેન્સ નગરમાં નીકળ્યા ત્યારે લોકોને નવાઈ લાગી. લોકો તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યા. રસ્તામાં સામેથી એક માણસ આવતો હતો. સોક્રેટીસે તેને પૂછયું કે ‘‘આપ કોણ છો?’’ પેલા માણસે જવાબ આપ્યો કે ‘‘હું ડૉકટર છું.’’ સોક્રેટીસ ત્યાંથી આગળ ચાલ્યા. ફરી બીજો માણસ મળ્યો. ફરી એ જ સવાલ કર્યો, પેલા માણસે જવાબ આપ્યો કે ‘‘હું વકીલ છું.’’ સોક્રેટીસ આગળ ચાલ્યા. ત્યાં ત્રીજો માણસ મળ્યો. એને પૂછ્યું ‘‘ભાઈ તું કોણ?’’ પેલાએ જવાબ આપ્યો કે, ‘‘હું દરજી છું.’’ સોક્રેટીસના ચહેરા પર વધુ નિરાશાની રેખાઓ અંકિત થઈ ગઈ. આ જોઈ પાછળ આવેલા લોકોમાંથી એક જણે પૂછયું કે આપ ધોળે દિવસં ફાનસ લઈને કેમ નીકળ્યા છો? આવા પ્રશ્નો કેમ બધાંને પૂછો છો?

**બેટા, મૈંને ભી તુજકો યે માનવજીવન લોન પર હી દિયા હૈ ઔર ઇસ દુનિયામેં અચ્છા વ્યવહાર, અચ્છા વર્તન, સુંદર વાણી ઔર અચ્છે સત્કાર્ય કર કે હી તુમકો મેરી લોન વાપસ કરની હૈ, તુમકો એક અચ્છા ઇન્સાન બનકે હી મેરે પાસ આના હૈ**

ત્યારે સોક્રેટીસે જે જવાબ આપ્યો તે દરેકના હૃદયને હલાવી નાંખે તેવો હતો. તેઓએ કહ્યું કે, ‘‘એથેન્સ નગરમાં ડૉકટરો, વકીલો ને દરજી બધાં જ છે પણ નિષ્ઠા અને નિખાલસભર્યો એકે ય માણસ નથી તેથી હું ફાનસ લઈને આવો માણસ શોધવા નીકળ્યો છું.’’

આ દ્રષ્ટાંત વાંચીને, સમજીને એમ વિચાર તો આપણને આવે જ છે કે સુખસગવડનાં સાધનોની ખરીદી માટે લીધેલી લોનનો ઉપયોગ કરીને માણસો ખુશ થઈ શકે છે ને અદનાન સામી જેવા ગાયકો વારંવાર પોતાના ગીતોમાં હાવભાવ બતાવીને ઉપરવાળાને કહેતો રહે છે કે,

‘ઓ મૌલા, મુજકો ભી તો ગાડી બંગલા મોટરકાર દેદે’

જેના દ્વારા ખુશીનો ખજાનો મળી જાય. ત્યારે ઉપર બેઠેલા હજાર હાથવાળો હસી પડે છે ને મનમાં જ બોલી ઊઠે છે કે ‘બેટા, મૈંને ભી તુજકો યે માનવજીવન લોન પર હી દિયા હૈ ઔર ઈસ દુનિયામેં અચ્છા વ્યવહાર, અચ્છા વર્તન, સુંદર વાણી ઔર અચ્છે સત્કાર્ય કર કે હી તુમકો મેરી લોન વાપસ કરની હૈ, તુમકો એક અચ્છા ઈન્સાન બનકે હી મેરે પાસ આના હૈ.’

તો વાચકમિત્રો! ઈશ્વરે આપણા દરેકના હાથમાં જિંદગીરૂપી જે મહાનગ્રંથ આપ્યો છે તેના પ્રત્યેક પાનાં પર સ્પષ્ટ રીતે સુંદર જીવન અને પ્રભુમય જીવન બનાવવાનો એક સંદેશો આપ્યો છે પણ આપણે તે વાંચ્યા વિના જ ફેંકી દઈએ છીએ.

ઈમર્સન કહે છે કે-‘‘આપણે એક એવા જગતમાં આવ્યા છીએ કે જે એક જીવંત કાવ્ય છે’’ પણ આપણે આ કાવ્યનો અર્થ સમજી શકતા નથી અને તેથી જ જો દરેક માનવી નિષ્ઠા અને નિખાલસતાના ગુણો કેળવે, સાદગી ને સરળતા અપનાવી પોતાની જાતને મુઠ્ઠી ઊંચેરો બનાવવાનો પ્રયત્ન કરે તો ઘણી બધી સમસ્યાનો ઉકેલ આવી જાય.

તો મિત્રો, આ માનવજીવન પણ સૃષ્ટિના સર્જનહારની પારકી થાપણ છે તેનું જતન કરીને સમાજને ઉપયોગી બની સર્જનહારનું ઋણ ચૂકવવાનો અથાગ પ્રયત્ન કરીએ...

નહીં તો ‘જાયેં તો જાયેં કહાઁ....!’

## સુવર્ણરજ

જે માણસને પોતાની વાણીનું મૂલ્ય હોય ને સ્વભાવમાં સરળતા હોય, સામાજિક કર્તવ્ય અને વિચારોની બાબતમાં ધુમ્મસની ઉપર સૂર્યપ્રકાશમાં રહે છે એવા ઊંચા માણસની હાલના સમયમાં આવશ્યક્તા છે. જો આવો માણસ મળે તો હું શોધું છું.

– એનન